નવસારી જિલ્લામાં 'અખાદ્ય' સામે 'તવાઈ'

NH-48ની હોટલો અને શ્રાવણી મેળામાં સઘન ચેકિંગ, ૪ને નોટિસ, ૧૦૪ લિટર અખાદ્ય સામગ્રીનો નાશ

કેરસી બારીયા

બીલીમોરા, નવસારીઃ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે નવસારી ખાદ્ય સુરક્ષા વિભાગે કડક વલણ અપનાવી તા.૨૦ ઓગસ્ટે NH-48 તથા બીલીમોરાના શ્રાવણી મેળામાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. હોટલો, રેસ્ટોરન્ટ્સ અને ખાદ્ય સ્ટોલ્સની તપાસ દરમિયાન નિયમોના ઉલ્લંઘન સામે સ્થળ પર જ કાર્યવાહી કરવામાં આવી હતી.

NH-48 પર કુલ ૫ ખાદ્ય પરિસરોની તપાસ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોમાં ખામી જણાતા ૪ એકમને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. પરથાણ પાટિયા સ્થિત શ્રી સાઈ વિભૂતિ ફૂડ કોર્ટ (સુગર એન સ્પાઇસ)માંથી કંપની પેક્ડ મલાઈ પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો, જ્યારે આશરે ૧૬ કિલો બિનઆરોગ્યપ્રદ તૈયાર ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ધારાગીરી સ્થિત હાર્ડકેસલ રેસ્ટોરન્ટ (મેકડોનાલ્ડ્સ) માંથી મિક્સ બેરી સ્મૂધી, ટોન્ડ મિલ્ક અને મેંગો ફ્લેવર્ડ ડીપના કુલ ત્રણ નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત હોટલ ગ્રીન ઓનિયન, હોટલ નવજીવન અને હોટલ નીલકંઠની પણ તપાસ કરાઈ હતી.

બીલીમોરાના શ્રી સોમનાથ મહાદેવ મંદિરના શ્રાવણી મેળામાં ૩૫ જેટલા ખાદ્ય સ્ટોલ્સની તપાસ દરમિયાન ૬૫ લિટર લાલ ચટણી અને ૨૩ લિટર વારંવાર ઉપયોગમાં લેવાયેલું કૂકિંગ ઓઈલ મળી આવ્યું હતું. આરોગ્ય માટે અયોગ્ય ગણાયેલી કુલ ૮૮ લિટર પ્રવાહી સામગ્રીનો સ્થળ પર જ નાશ કરાયો હતો. આમ, સમગ્ર કાર્યવાહીમાં ૧૬ કિલો તૈયાર ખાદ્ય સામગ્રી અને ૮૮ લિટર અયોગ્ય પ્રવાહી સામગ્રીનો નાશ કરાયો છે. લેવાયેલા નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલાયા છે. રિપોર્ટના આધારે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ જવાબદાર એકમો સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

નવસારી ફૂડ વિભાગ જાગ્યો, બે દિવસમાં ૧૦થી વધુ હોટલ-રેસ્ટોરન્ટ સીલ

નવસારીઃ શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ખાદ્ય એકમો સામે સઘન તપાસ ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા બે દિવસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરાયેલા ચેકિંગમાં ૧૦થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ અને ખાદ્ય એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે. અસ્વચ્છતા તથા શંકાસ્પદ ખાદ્ય સામગ્રી મળી આવતા સંબંધિત એકમોને સીલ કરવાની સાથે કુલ ૩૧ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો છે. પારસી હોસ્પિટલ સામે આવેલા ભુવનેશ્વરી ખીચડી સેન્ટરમાં તપાસ દરમિયાન ભારે ગંદકી અને સ્વચ્છતાના અભાવની સ્થિતિ સામે આવી હતી. અહીં ઘી, દહીં અને આઈસ્ક્રીમ સહિતની શંકાસ્પદ ખાદ્ય સામગ્રી મળી આવતા વિભાગે આશરે ૨૦ કિલો સામગ્રીનો સ્થળ પર જ નાશ કરી સેન્ટરને સીલ કર્યું હતું. માણેકલાલ રોડ પર આવેલા આઝાદ કુલ્ફી એન્ડ આઈસ્ક્રીમમાં તપાસ દરમિયાન શંકાસ્પદ કોલ્ડ કોકો તેમજ સ્વચ્છતા અંગે ખામીઓ જણાઈ હતી. જેના પગલે વિભાગે એકમને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત અલ હુસૈની ભટિયારા, દાદુસ રોસ્ટર, અલ નકવી સેન્ટર અને ચિકન દમ બિરયાની રેસ્ટોરન્ટ સહિતના અન્ય ખાદ્ય એકમોમાં પણ તપાસ કરવામાં આવી હતી. નિયમોનું યોગ્ય પાલન ન જણાતા સંબંધિત એકમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને આશરે ૧૧ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરાયો હતો. બે દિવસની આ ઝુંબેશમાં ૧૦થી વધુ એકમો સામે કાર્યવાહી અને ૩૧ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ થતાં ખાદ્ય વ્યવસાય ક્ષેત્રમાં ચકચાર મચી છે.

નવસારી મોટા બજારમાં બિનઅધિકૃત બાંધકામ બદલ ૩ દુકાન સીલ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાએ બિનઅધિકૃત બાંધકામો સામે કાર્યવાહી શરૂ કરી છે. તા. ૨૦ ઓગસ્ટે મોટા બજાર માર્કેટ વિસ્તારમાં મંજૂરી વિના બાંધકામ કરતી ૩ દુકાનને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની મંજૂરી વિના બાંધકામ કરવામાં આવતું હોવાના પગલે સંબંધિત મિલકતધારકોને અગાઉ ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ હેઠળ નોટિસ આપવામાં આવી હતી. નોટિસની મુદત પૂર્ણ થયા બાદ પણ બાંધકામની કામગીરી બંધ ન કરવામાં આવતા મ્યુનિસિપલ કમિશનરના આદેશ અને ટાઉન પ્લાનરના માર્ગદર્શન હેઠળ પાલિકાની ટીમે સ્થળ પર પંચનામું કરી ચાલુ બાંધકામને જે સ્થિતિમાં હતું તે સ્થિતિમાં સીલ કરી દીધું હતું. સાથે જ સીલ કરાયેલી મિલકત સાથે કોઈ ચેડાં ન કરવા અંગે ચેતવણી આપવામાં આવી છે.

નવસારી શહેરને પૂરથી બચાવવા નદીઓના વૈજ્ઞાનિક ડ્રેજિંગની માંગ

નદીઓને મનસ્વી રીતે ઊંડી કરવાને બદલે નિષ્ણાતોની ટીમ દ્વારા જળવિજ્ઞાન અને પાણીના પ્રવાહનો સરવે કરાવવાની માંગ

નવસારીઃ નવસારીમાં વારંવાર સર્જાતી પૂર જેવી સ્થિતિ વચ્ચે પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓની પાણી વહન કરવાની ક્ષમતા વધારવા પર્યાવરણપ્રેમીઓ અને જાગૃત નાગરિકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. ત્રણેય નદીઓનો નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક અભ્યાસ કરાવી જરૂરી સ્થળોએ ગાદ દૂર કરવાની કામગીરી, નદીપટની સફાઈ અને પુનઃસ્થાપન કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં નદીઓને મનસ્વી રીતે ઊંડી કરવાને બદલે નિષ્ણાતોની ટીમ દ્વારા જળવિજ્ઞાન અને પાણીના પ્રવાહનો સરવે કરાવવાની માંગ કરાઈ છે. નદીની ઊંડાઈ, પહોળાઈ, ગાદનું પ્રમાણ, પાણી વહન કરવાની ક્ષમતા તથા પૂર સમયે પાણીના પ્રવાહનો અભ્યાસ કર્યા બાદ જ ક્યાં અને કેટલી કામગીરી જરૂરી છે તે નક્કી કરવા જણાવાયું છે. સાથે જ પુલો, કોઝવે, સાંકડા પ્રવાહ માર્ગો, કુદરતી કાંસ-કોતરો અને વરસાદી પાણીના નિકાલના માર્ગોમાં આવતા અવરોધોનું પણ સર્વેક્ષણ કરી જરૂરી પગલાં લેવા રજૂઆત કરાઈ છે. ગણદેવી તાલુકાના પોસરી ગામના સરપંચે અગાઉ ગામમાં થયેલી નદીપટની સફાઈથી પાણીના વહેણમાં થયેલા સુધારા અંગે માહિતી આપી હતી. જ્યારે વેરાવળ ગામના રાજુભાઈ પટેલે પૂરનાં પાણીના ધોવાણથી જમીનને થતા નુકસાનની સમસ્યા રજૂ કરી હતી.

નદીપટની કામગીરી કરતી વખતે પર્યાવરણ અને જળચર જીવસૃષ્ટિનું સંરક્ષણ પણ જળવાઈ રહે અને પૂર નિયંત્રણ માટે લાંબા ગાળાનું વૈજ્ઞાનિક આયોજન કરવામાં આવે. ત્રણેય નદીઓની વહનક્ષમતા વધારી નવસારીને પૂરથી રાહત અપાવવાનો આ જનહિતનો મુદ્દો હોવાનું તેમણે જણાવ્યું હતું.

વલસાડ લીલાપોર રોડ અને અપૂર્ણ બ્રિજને લઈને તંત્ર સામે વિરોધ

20થી 22 ગામના લોકો હાલાકી ભોગવવા મજબૂર

વલસાડઃ વલસાડ લીલાપોર-જૂના બંદર રોડ પર બ્રિજ અને રસ્તાના કામમાં થઈ રહેલા વિલંબ તથા ખાડાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક નેતાએ તંત્ર અને ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક નેતાઓ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યુ હતું કે, આ રસ્તો વર્ષો જૂનો અને અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ મુખ્ય માર્ગ પરથી દરરોજ ૨૦થી ૨૨ જેટલા ગામોના લોકો અને નજીકમાં આવેલી ગર્લ્સ ITI ના વિદ્યાર્થીઓ સતત અવરજવર કરે છે. પરંતુ હાલમાં રસ્તા પર પડેલા મોટા ખાડાઓને કારણે લોકોને સવાર-સાંજ પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

શાસક પક્ષના નેતાઓ અને ધારાસભ્યોના કહેવાથી ૪ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 'વશિયર' ખાતે એક બ્રિજ મંજૂર કરીને બનાવવામાં આવી રહ્યો છે, પરંતુ આ મુખ્ય રસ્તા તરફ તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. રસ્તાના બદલામાં સામે બની રહેલા બ્રિજનું કામ ૯૦% જેટલું પૂર્ણ થઈ ગયું હોવા છતાં અટકી પડ્યું છે. તંત્ર અને અધિકારીઓ આગળની જમીનનું સંપાદન ન થયું હોવાના બહાના બતાવી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ ભાજપની જ સરકાર હોવા છતાં આ કામ કેમ રોકાઈ રહ્યું છે તેવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.

વાંસદા ધારાસભ્ય અનંત પટેલે ચીમકી આપતા જણાવ્યું હતું કે, આ ખાડા તંત્ર વહેલી તકે પૂરે અથવા તો સ્થાનિકોએ પોતે પૂરવા પડશે. પ્રજાના પૈસાનો ધુમાડો કરવાને બદલે જનતાના હિતમાં કામ કરીને અપૂર્ણ બ્રિજ અને રસ્તાનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ઉચાપત કેસમાં તત્કાલીન પોસ્ટ માસ્ટરને 3 વર્ષની કેદ

અગાસીના ખાતેદારોના ૩.11,850 સ્વીકારી સરકારી હિસાબમાં જમા કરાવ્યા ન હતા

ધેજઃ ચીખલી કોર્ટના ન્યાયાધીશ દ્વારા તાલુકાના અગાસી ગામની સબ પોસ્ટ ઓફિસના તત્કાલીન બ્રાંચ પોસ્ટ માસ્ટરને ઉચાપતના ગુનામાં ત્રણ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ અગાસી ગામના રમેશ ધનજીભાઈ મિસીયાલની ગામની પોસ્ટ ઓફિસમાં ગ્રામીણ ડાક સેવક બ્રાંચ પોસ્ટ માસ્ટર તરીકેની ૧૯૮૯થી ૨૦૧૦ની ફરજ દરમિયાન જુદા જુદા ખાતેદારો પાસેથી બચત અને રિકરિંગના નાણાં જમા કરવા માટે સ્વીકારી તે નાણાં પાસબુકમાં જમા કરી પોસ્ટ ઓફિસનો સિક્કો પાસબુકમાં મારી આપ્યો હતો પરંતુ તે સરકારી હિસાબમાં જમા ન બતાવી ૧૧,૮૫૦ રૂપિયાની ઉચાપત કરી હોવાનું બહાર આવતા ૨૦૧૦ના વર્ષમાં તત્કાલીન પોસ્ટ ઇન્સ્પેક્ટરની ફરિયાદમાં પોલીસે તેમની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જે ગુનાનો કેસ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા સરકારી વકીલ યોગેશભાઇ આર.પટેલની દલીલો ધ્યાને લઈ ન્યાયધીશ એસ.પી. દવે દ્વારા અગાસી પોસ્ટ ઓફિસના તત્કાલીન બ્રાંચ પોસ્ટ માસ્ટર રમેશભાઈ ધનજીભાઈ મીસિયાલને તકસીરવાન ઠેરવી ત્રણ વર્ષની સખત કેદની સજા અને દસ હજાર રૂપિયાના દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે અને દંડ ન ભરે તો વધુ નવ માસની સાદી કેદની સજાની પણ હુકમમાં જોગવાઈ કરવામાં આવી છે.

ઉદવાડાના સરપંચ, ઉપસરપંચ, મહિલા સભ્ય વિરુદ્ધ ૩ લાખની લાંચનો ગુનો નોંધાયો

જમીન ખેતીમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવા લાંચ માંગી હતી

વલસાડઃ ઉદવાડા વિસ્તાર વિકાસ સત્તા મંડળ (UADA) હેઠળ જમીન ખેતીમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવાના અવેજ પેટે ૩,૦૦,૦૦૦ની લાંચની માંગણી કરી સ્વીકારવાના મામલે વલસાડ-ડાંગ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ઉદવાડા ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને વોર્ડ સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક અરજદાર/સાહેદની જમીન ખેતીવાડી ઝોનમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવાની કામગીરી માટે ઉદવાડા એરીઆ ડેવલપમેન્ટ ઓથોરીટી (UADA) ની ટી.પી. કમિટી તેમજ ગ્રામ પંચાયતની સામાન્ય સભાના ઠરાવો કાઢી આપવાના બદલામાં લાંચની માંગણી કરવામાં આવી હતી. આ કામગીરીના અવેજ પેટે સરપંચ ધર્મેન્દ્ર ઉર્ફે રાજુભાઇ ડાહ્યાભાઇ પટેલ તથા ઉપસરપંચ સરોસ બહેરામ ઈરાનીના કહેવાથી વોર્ડ નં.૪ના સભ્ય ધર્મિષ્ઠા ઉર્ફે જીગીબેન પટેલ દ્વારા અરજદાર પાસેથી ૩,૦૦,૦૦૦ની લાંચ સ્વીકારવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. જેના પાગલે ધર્મેન્દ્ર ઉર્ફે રાજુભાઇ ડાહ્યાભાઇ પટેલ (સરપંચ, ઉદવાડા ગ્રામ પંચાયત), સરોસ બહેરામ ઈરાની (ઉપસરપંચ, ઉદવાડા ગ્રામ પંચાયત) અને ધર્મિષ્ઠા ઉર્ફે જીગીબેન ઉમેશચંદ્ર પટેલ (સભ્ય-વોર્ડ નં.૪, ઉદવાડા ગ્રામ પંચાયત) વિરુદ્ધ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક આચરવા બદલ વલસાડ અને ડાંગ એ.સી.બી. પોલીસ સ્ટેશનના જે.આર. ગામીત દ્વારા સરકાર તરફે ફરિયાદ નોંધાવવામાં આવી છે. એસીબીની કાર્યવાહીમાં બેની અટક કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને રિમાન્ડ અર્થે નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા. કોર્ટે સુનાવણી બાદ સરોસભાઈ ઈરાનીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો છે, જ્યારે ધર્મિષ્ઠાબેન પટેલના 21 ઓગસ્ટ 2026ના રોજ સાંજે 16:00 વાગ્યા સુધીના એક દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે સરપંચ ધર્મેન્દ્ર પટેલની તપાસ ચાલી રહી છે.

મુરંમબારી ચેકપોસ્ટ પર રોજમદારને માર મારનારને બે વર્ષ અને છ માસની સજા

સાપુતારાઃ ડાંગના મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પર રોજમદારને માર મારનાર આરોપીને જે.એમ.એફ.સી. કોર્ટ આહવાના ન્યાયાધીશ વાય. પી. યાદવે બે વર્ષ અને છ માસની સજા તેમજ રૂ.૨૫૦૦નો દંડ ફટકાર્યો હતો. ફરિયાદી મોતીરામભાઈ કાકડીયાભાઈ દળવી મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ ખાતે પોતાની સરકારી ફરજ પર હાજર હતા. તે દરમિયાન આરોપી ગણેશભાઈ સોમાભાઈ ચૌધરી (રહે., પીપલઘોડી, તા.આહવા)એ પિકઅપ ગાડી ચેકપોસ્ટની આડાસ સાથે અડાડી દીધી હતી. જે અંગે કાર્યવાહી કરતાં ઉશ્કેરાયેલા આરોપીએ મારમાર્યો હતો. આ ઉપરાંત આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કાનૂની કેસમાં સરકાર તરફથી સરકારી વકીલ સુરેશભાઈ કોંકણી દ્વારા ધારદાર અને સચોટ દલીલો રજૂ કરવામાં આવી હતી.

ફેન્સિંગના વીજ કરંટથી વડોદરાના યુવકનું મોત, ખેતરમાલિક સામે ગુનો

જમાઈનું નિધન થતાં પરિવાર ચીખલીના ધેજ ગામે આવ્યો હતો

ધેજઃ ધેજઃ ચીખલીના ધેજ ગામમાં ખેતરમાં પાકને પશુઓથી બચાવવા કરેલા તાર ફેન્સિંગમાં વીજ કરંટ લાગતા વડોદરા જિલ્લાના વાઘોડિયા યુવકનું મોત નીપજતા પોલીસે ખેતર માલિક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદી વિનુભાઈ શંકરભાઈ રાઠોડીયા (રહ, મઢેલી, નવીનગરી મોહલ્લો, તા.વાઘોડિયા, જિ.વડોદરા)ના જમાઈનું અવસાન થતાં તેઓ પોતાના પરિવાર સાથે ધાર્મિક વિધિમાં હાજરી આપવા તાલુકાના ચરી નિશાળ ફળિયા ખાતે આવ્યાં હતા અને ગત રોજ વિધિ પૂર્ણ થયા બાદ રાત્રિના સમયે વિનુભાઈનો ૩૨ વર્ષીય દીકરો સુખદેવ પેશાબ કરવા માટે ઘરની બહાર ગયા બાદ લાંબો સમય થવા છતાં તે પાછો ન આવતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી અને બીજા દિવસે ગુરુવારની સવારે પણ તેની શોધખોળ ચાલુ રાખી હતી. આ બપોરના સમયે સુખદેવ બાજુના ધેજ ગામે આવેલા ઉત્તમભાઈના સૂરણના ખેતર પાસે મૃત હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં પરિવારજનો ઘટનાસ્થળે પહોંચીને જોતા ખેતરની ચારેય તરફ કરવામાં આવેલ લોખંડના તારની ફેન્સિંગ (ઝાળી)ના તાર પરથી સુખદેવને કરંટ લાગતા મોત નીપજ્યું હોવાનું અને સુરણના પાકને પશુઓથી બચાવવા માટે ખેડૂતે ફેન્સિંગમાં વીજ પ્રવાહ ચાલુ રાખેલો હોવાની હકીકતમાં પોલીસે ખેતરના માલિક ઉત્તમભાઈ ખંડુભાઈ પટેલ (રહે., ધેજ, ભવાની ફળિયા, તા.ચીખલી, જિ. નવસારી) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

SQAAF, 'નિપુણ ગુજરાત' મુદ્દે સ્વનિર્ભર શાળાઓની રજૂઆત

પ્રશ્નોના નિરાકરણ બાદ કામગીરી અંગે નિર્ણય લેવા જણાવાયું

નવસારીઃ SQAAF તથા 'નિપુણ ગુજરાત' અંતર્ગત ઓનલાઈન સર્વેક્ષણને લઈને નવસારી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે શિક્ષણ વિભાગ સમક્ષ પોતાની રજૂઆત કરી છે.

મંડળના જણાવ્યા મુજબ, ગુણોત્સવ ૨.૦ હેઠળ ખાનગી શાળાઓ માટેના School Quality Assessment and Assurance Framework (SQAAF) તેમજ 'નિપુણ ગુજરાત'ના ઓનલાઈન સર્વેક્ષણ અંગે શાળાઓને કેટલીક વ્યવહારિક મુશ્કેલીઓ અને પ્રશ્નોનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દાઓનું યોગ્ય અને સંતોષકારક નિરાકરણ આવે તથા રાજ્ય મંડળ તરફથી આગામી માર્ગદર્શન મળે ત્યાં સુધી સંબંધિત કામગીરી હાલ પૂરતી ન કરવાની બાબતે નિર્ણય લેવાયો છે. જિલ્લા મંડળે શિક્ષણ વિભાગને વિનંતી કરી છે કે રાજ્યકક્ષાના નિર્ણયને ધ્યાનમાં રાખીને ખાનગી શાળાઓ પર સર્વેક્ષણ અથવા સંબંધિત કામગીરી માટે કોઈપણ પ્રકારનું મૌખિક કે લેખિત દબાણ ન કરવામાં આવે. તેમજ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવ્યા પહેલાં શાળાઓ સામે ફરજિયાત અમલવારી સંદર્ભે કોઈ કાર્યવાહી ન કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. નવસારી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ મનોજ જીવાણીએ જણાવ્યું હતું કે શાળાઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તે હેતુથી શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજમાં રેગિંગ વિરોધી જાગૃતિ પર સેમિનાર યોજાયો

વાપીઃ વાપી નજીકના ચણોદ કોલોની સ્થિત કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં સમગ્ર ભારતના તા.૧૨/૮/૨૦૨૬ થી ૧૮/૮/૨૦૨૬ ના દિવસો દરમ્યાન એન્ટી-રેગિંગ જાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના રિસોર્સ પર્સન અને મુખ્ય વક્તા એડવોકેટ સવિતા પાટીલ હતા. તેમણે રેગિંગનો અર્થ, તેના વિવિધ સ્વરૂપો અને વિદ્યાર્થીઓ પર તેની ગંભીર શારીરિક, માનસિક અને ભાવનાત્મક અસર સમજાવી. તેમણે રેગિંગ સંબંધિત કાનૂની જોગવાઈઓ, નિયમો અને સજાઓ વિશે પણ મૂલ્યવાન માહિતી પૂરી પાડી. સેમિનારનું સંચાલન કોલેજના મદદનીસ પ્રાધ્યાપક ડો. યતીન પી. વ્યાસ, ડો.ક્રિષ્ના રાજપૂત તેમજ ડો.દીપક સાંકી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર સેમીનાર સફળ રહેતા કોલેજના આચાર્ય ડો. પૂનમ બી. ચૌહાણે એડવોકેટ સવિતા પાટીલ દ્વારા આપવામાં આવેલા મૂલ્યવાન માર્ગદર્શન અને જાગૃતિની પ્રશંસા કરી હતી.

વાડ ગામમાં ચોરી કરવા આવેલા તસ્કરો મોપેડ મૂકી ભાગ્યા

ખેરગામઃ ખેરગામના વાડ ગામના ટેકરી ફળિયામાં રહેતા ૨૬ વર્ષીય વિનયકુમાર ચંદ્રકાંતભાઈ પટેલના ખેતરમાં મંગળવારની રાત્રે તસ્કરો ઘૂસી આવ્યા હતા. મોપેડ નં.(GJ-15-EP-3679) પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ખેતરમાં મૂકેલી આશરે રૂ.૫,૦૦૦ની કિંમતની ૩ HPની પાણી ખેંચવાની મોટર ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. ચોરી કરીને ભાગતી વખતે ફરિયાદીએ ચોરોને જોઈ લેતાં ચોરો પકડાઈ જવાના ડરે મોપેડ સ્થળ પર જ છોડીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતાં. આ અંગે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવાઈ હતી.

સરીગામ SIAની વાર્ષિક સાધારણ સભા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

ઉમેશ સોલંકી

ઉમરગામઃ સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટિંગ મળી હતી જેમા વાર્ષિક હિસાબો અને એસ્ટેટમાં ચાલી રહેલા મહત્વના કામો અંગે જાણકારી આપવામાં આવી હતી. સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (SIA)ના પ્રમુખ કૌશિકભાઇ પટેલની અધ્યક્ષતામાં તથા એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરો અને ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં મળેલી એન્યુઅલ જનરલ મીટિંગ વાર્ષિક સાધારણ સભામાં ગત વર્ષના આવક જાવકના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જે મંજૂર કરાયા હતા. એસ્ટેટમાં થયેલા કામો તથા ભવિષ્યમાં કરવામાં આવનાર કામો અંગે તથા મહત્ત્વના ચાલી રહેલા પ્રોજેક્ટ અંગે પણ ચર્ચાઓ થઈ હતી. નવા ઓડિટરની નિમણૂક અંગે પણ ચર્ચાઓ થઈ હતી. સભા એકંદરે ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થવા પામી હતી

ખેરગામમાં દિવ્યાંગજનો, વડિલો માટે નિઃશુલ્ક સહાયક સાધનો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

ખેરગામઃ દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન ખેરગામ ખાતે મામલતદાર વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ADIP યોજના હેઠળ દિવ્યાંગજનોને વ્હીલચેર, ટ્રાઇસાઇકલ, બગલખોડી, શ્રવણયંત્ર, કૃત્રિમ અંગ, કેલિપર, સ્માર્ટ કેન સહિતના વિવિધ સહાયક સાધનો માટે લાભાર્થીઓનું એસેસમેન્ટ અને રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જ્યારે રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ પાત્ર વરિષ્ઠ નાગરિકોને વોકર, કોમોડ ચેર, સ્ટિક, ની-સપોર્ટ, બેક સપોર્ટ સહિતના જરૂરી સહાયક સાધનો આપવા માટે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 232 લાભાર્થીને 19.46 લાખના ખર્ચે 1,253 સહાયક ઉપકરણો આપવાનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

પારડીમાં ૨૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

અમૃત પટેલ

પારડીઃ આજરોજ પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેનના માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારો, મુખ્ય બજારો અને દુકાનોમાં આકસ્મિક પ્લાસ્ટિક ચેકિંગ ઝુંબેશ યોજવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન પ્લાસ્ટિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ અને દુકાનદારો પાસેથી આશરે ૨૫૦ કિલો પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ સાથે નિયમભંગ બદલ વેપારીઓ પાસેથી રૂ. 5 હજારનો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

વાપીના નામધા ગામમાં ફાંસો ખાધેલી હાલતમાં યુવકની લાશ મળી

વલસાડઃ વાપીના નામધા ગામમાં કાંઠા ફળિયુ ખાતે આવેલી વિરેન્દ્ર જયકુમાર જૈનની વાડીમાં તા. ૦૪/૦૮/૨૦૨૬ના રોજ એક અજાણ્યા ૨૦થી ૨૫ વર્ષીય યુવકની આંબાના ઝાડની ડાળી સાથે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. જેની જાણ વાપી ટાઉન પોલીસને કરાતા સ્થળ પર આવી મૃતકના વાલી વારસોની શોધખોળ આદરી હતી. પરંતુ કોઈ ભાળ મળી ન હતી.

વાપીમાં તહેવારોને અનુલક્ષીને Dy. SPના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

વાપીઃ આગામી ઈદે મિલાદ, શ્રી ગણપતિ ઉત્સવ, જન્માષ્ટમી અને રક્ષાબંધન જેવા તહેવારો શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવાય તે હેતુથી ડુંગરા પોલીસ સ્ટેશન તથા વાપી જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે વાપી વિભાગના ડી.વાય.એસ.પી. બી.